# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*********************************************************

1. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર આજે બે દિવસની સત્તાવાર મુલાકાતે મંગોલિયા પહોંચ્યા.
2. સાંસદ શશી થરૂરની અધ્યક્ષતામાં વિદેશ બાબતોની સંસદીય સ્થાયી સમિતિ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની ચાર દિવસની મુલાકાતે.
3. ભારત આજથી નવી દિલ્હીમાં બે દિવસીય બ્રિક્સ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બેઠકનું આયોજન કરશે.
4. કતારના મુખ્ય કુદરતી ગેસ નિકાસ માળખામાં વિસ્ફોટ થતાં 54 લોકો ઘાયલ - જ્યારે 18 અન્ય ગુમ.
5. અમેરિકા - ઇરાની અધિકારીઓ વચ્ચે સ્વિત્ઝરલેંડમાં વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ ક્રુડ ઓઇલના ભાગ ગગડ્યા.
6. ફિફા વર્લ્ડ કપમાં, ઇજિપ્તે ન્યુઝીલેન્ડ સામે 3-1 સાથે પોતાનો પ્રથમ વિજય મેળવ્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# EAM MONGOLIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે બે દિવસની સત્તાવાર મુલાકાતે મંગોલિયા પહોંચ્યા છે. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં આ માહિતી શેર કરતાં કહ્યું કે તેઓ ભારત અને મંગોલિયા વચ્ચેની ખાસ ભાગીદારીને વધુ આગળ વધારવા ફળદાયી ચર્ચાઓ માટે આતુર છે. આ દરમિયાન, વિદેશ મંત્રી મોંગોલિયન નેતૃત્વ સાથે મુલાકાત કરશે. તેઓ મોંગોલિયન વિદેશ મંત્રી બટમુન્ખ બટસેત્સેગ સાથે વાતચીત કરશે.

મુલાકાતના બીજા તબક્કામાં, વિદેશ મંત્રી બુધવાર અને ગુરુવારે દક્ષિણ કોરિયા જશે. આ મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકર વિદેશ મંત્રી ચો હ્યુન સાથે ચર્ચા કરશે. તેઓ ગુરુવારે જેજુમાં શાંતિ અને સમૃદ્ધિ માટે જેજુ ફોરમમાં મુખ્ય ભાષણ પણ આપશે.

# MEGHWAL ARTICLE

કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યુ કે, સરકાર તમામ નાગરિકો માટે ન્યાયને વધુ સુલભ અને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

એક લેખમાં તેમણે જણાવ્યું, ન્યાયિક સંસ્થાઓ એક પુલ તરીકે સેવા આપે છે જે દરેક હિસ્સેદારને ન્યાય અને સામૂહિક હિત માટે વિશ્વાસ, સંબંધ અને જોડાણની ભાવના વિકસાવવા સક્ષમ બનાવે છે. શ્રી મેઘવાલે કહ્યું, ટેલિ-લો અને ન્યાય બંધુ જેવી સેવાઓએ ન્યાયની સુલભતામાં સુધારો કર્યો છે. વિડીયો કોન્ફરન્સિંગ, વર્ચ્યુઅલ અદાલત અને અદાલતની કાર્યવાહીનું જીવંત પ્રસારણ ન્યાયતંત્રને જનતાની નજીક લાવ્યું છે.

તેમણે કહ્યું કે, AI-આધારિત સાધનોનો ઉપયોગ કરીને અદાલતોના ચુકાદાઓ અને આદેશોનું 18 ભારતીય ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવી રહ્યું છે.

# SHASHI THAROOR: J&K VISIT

સાંસદ શશી થરૂરની અધ્યક્ષતામાં વિદેશ બાબતોની સંસદીય સ્થાયી સમિતિ વ્યૂહાત્મક સરહદ સુરક્ષા અને વિદેશ નીતિના મુદ્દાઓની સમીક્ષા કરવા માટે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની ચાર દિવસની અભ્યાસ મુલાકાતે છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ સમિતિ આ મહિનાની 25મી તારીખ સુધી જમ્મુ, શ્રીનગર, કારગિલ અને લેહની મુલાકાત લેશે અને સરહદી વિસ્તારોમાં સરહદ વ્યવસ્થાપન અને સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે.

સમિતિ ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં તાજેતરના વિકાસ, સિંધુ જળ સંધિનું સસ્પેન્શન અને નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર સરહદ પાર આતંકવાદના પડકારોની તપાસ કરી રહી છે. તે ભારત-ચીન સંબંધો અને પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પરની પરિસ્થિતિ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સમિતિના સભ્યો વરિષ્ઠ નાગરિક અને લશ્કરી અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યા છે, ઉપરાંત સરહદી વિસ્તારોમાં સ્થાનિકો સાથે વાતચીત કરી રહ્યા છે.

અગાઉ, વિદેશ મંત્રાલય અને વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ નવી દિલ્હીમાં સમિતિને ચીન-ભારત સંબંધો અને પાકિસ્તાન પર ભારતના વલણ વિશે માહિતીગાર કરી હતી.

# BRICS MEETING – NEW DELHI

ભારત આજથી નવી દિલ્હીમાં બે દિવસીય બ્રિક્સ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બેઠકનું આયોજન કરશે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ આ બેઠકની અધ્યક્ષતા કરશે.

બેઠક દરમિયાન, બ્રિક્સ સભ્ય દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો અને પ્રતિનિધિમંડળના વડાઓ "આજે વિશ્વ સામે બિન-પરંપરાગત સુરક્ષા પડકારો" વિષય પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

સાંભળીએ એક અહેવાલ:

**(V/C: MRIGNAINI – BRICS)**

# QATAR EXPLOSION

કતારના મુખ્ય કુદરતી ગેસ નિકાસ માળખામાં વિસ્ફોટ થયો હતો. જેમાં 54 લોકો ઘાયલ થયા હતા, જ્યારે 18 અન્ય ગુમ થયા હતા. સત્તાવાર અહેવાલો અનુસાર, વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા કેન્દ્રોમાંના એક રાસ લાફાન ઔદ્યોગિક વિસ્તારમાં ગઈકાલે રાત્રે વિસ્ફોટ થયો હતો. આ ઘટનાના કારણે બર્ઝાન ગેસ સપ્લાય સુવિધામાં મોટી આગ લાગી હતી, જેના કારણે કટોકટી પ્રતિભાવ ટીમો સ્થળ પર દોડી ગઈ હતી.

રાજ્ય ઊર્જા જાયન્ટ કતાર એનર્જીએ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું કે, વિસ્ફોટ થયો ત્યારે નિકાસ ટર્મિનલના ભાગોને ફરીથી શરૂ કરવા માટે કામગીરી ચાલી રહી હતી.

કતારના ગૃહ મંત્રાલયે જાનહાનિના આંકડાની પુષ્ટિ કરી છે. અધિકારીઓએ વિસ્ફોટના કારણની તપાસ શરૂ કરી છે, જ્યારે કટોકટી અને સુરક્ષા ટીમો સ્થળ પર શોધ અને બચાવ કામગીરી કરી રહી છે. વિસ્ફોટ અંગેના કારણોની કોઇ સત્તાવાર પુષ્ટિ થઇ નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# GOA - ARREST

ગોવા પોલીસની ગુના શાખાએ મણિપુરમાં પ્રતિબંધિત સક્રિય બળવાખોર સંગઠન- પીપલ્સ લિબરેશન આર્મી -PLAના સભ્યની ધરપકડ કરી છે. આરોપી લગભગ બે દાયકાથી ફરાર હોવાનું મનાય છે. ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ નોંગથોંગબામ ઇંગો તરીકે થઈ છે. ધરપકડ બાદ, ઇંગોને વધુ આગળની કાર્યવાહી માટે મણિપુર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, આરોપી 16 જૂને ગોવા પહોંચ્યો હતો. તે મણિપુરમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA), 1967 હેઠળ નોંધાયેલા કેસમાં સંકળાયેલ છે.

મણિપુર પોલીસે પાંચ જૂને ખંડણી સંબંધિત કેસમાં બે આતંકવાદીની ધરપકડ કર્યા બાદ આ સફળતા મળી છે.

# GOA - SEIZURE

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ સલગાંવકર ગ્રુપ સાથે સંકળાયેલા ગોવા ગેરકાયદેસર આયર્ન ઓર ખાણકામ કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આશરે એક હજાર 23 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે.

ED અનુસાર, જપ્ત કરાયેલી મિલકતો સ્વર્ગસ્થ અનિલ વાસુદેવ સલગાંવકરની મિલકત તેમજ સલગાંવકર માઇનિંગ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., શાંતિલાલ ખુશાલદાસ એન્ડ બ્રધર્સ પ્રા. લિ., એસ. કાંતિલાલ એન્ડ કંપની પ્રા. લિ., સલિથો ઓર્સ પ્રા. લિ., વર્ટેક્સ ન્યૂટન પ્રોજેક્ટ્સ પ્રા. લિ. અને સુબર્ણરેખા પોર્ટ પ્રા. લિ. સહિત અનેક સંલગ્ન કંપનીઓના નામે નોંધાયેલી છે. EDએ ગોવા CID ક્રાઇમ બ્રાન્ચ દ્વારા નોંધાયેલી FIR ના આધારે તેની તપાસ શરૂ કરી હતી.

# CRUDE OIL

સ્વિટ્ઝર્લૅન્ડમાં અમેરિકા અને ઇરાન વચ્ચેની વાટાઘાટો પૂર્ણ થયા બાદ આજે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં ત્રણ ટકા સુધીનો મોટો ઘટાડો થયો હતો. ભાવઘટાડાને કારણે પુરવઠો ખોરવાવાની ચિંતાઓ ઘટતાં અને ઇરાની તેલ નિકાસમાં વધારો થવાની આશા વધી હતી.

આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ બે ટકાથી વધુ ઘટીને લગભગ 79 ડોલર પ્રતિ બેરલ થયું હતું, જ્યારે યુએસ વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ ક્રૂડ 75 ડોલર પ્રતિ બેરલની નજીક ટ્રેડ થયું હતું, જે ત્રણ ટકાનો ઘટાડો દર્શાવે છે.

યુએસ અને ઇરાની અધિકારીઓએ યુદ્ધવિરામને લંબાવવા અને પ્રદેશમાં તણાવ ઘટાડવાના હેતુથી વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કર્યાના અહેવાલ બાદ ક્રુડ ઓઇલના ભાગ ગગડ્યા હતા.

# JALPAIGURI ROAD ACCIDENT

પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાના જલદાબારીમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 27 પર થયેલા માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને છ થઈ ગયો છે, જેમાં બે વધુ ઘાયલોના મોત થયા છે. મૃતકોમાં બે મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે. જલપાઈગુડી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં 25 ઘાયલ મુસાફરોની સારવાર ચાલી રહી છે.

# UP ENCOUNTER

સવા લાખ રૂપિયાનું જેના ઉપર ઇનામ જાહેર કરાયું હતુ તેવા કુખ્યાત ગુનેગાર લાલન સિંહનું ગઈકાલે રાત્રે સહારનપુરમાં ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ, STF એન્કાઉન્ટર કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, સરસવા-નાકુર રોડ પર ગોળીબાર થયો હતો. બિહારના સમસ્તીપુર જિલ્લાનો રહેવાસી લાલન સિંહ અનેક ગંભીર ગુનાહિત કેસોમાં વોન્ટેડ હતો, જેમાં વારાણસીમાં સબ-ઇન્સ્પેક્ટરને ગોળી મારીને તેમની સર્વિસ પિસ્તોલ લૂંટવાનો અને ચંદૌલી જિલ્લામાં ફાયરિંગ અને-લૂંટના કેસનો સમાવેશ થાય છે. STF અનુસાર, તે અને તેના સાથીઓ હત્યા, બેંક લૂંટ, કેશ-વેન લૂંટ અને સરકારી હથિયારોની લૂંટ સહિતના અનેક જઘન્ય ગુનાઓમાં સંડોવાયેલા હતા.

એન્કાઉન્ટર દરમિયાન, સિંહને ગોળી વાગી હતી અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. તેનો એક સાથી ભાગી ગયો છે, અને તેને શોધવાના પ્રયાસો ચાલી રહ્યાં છે.

# FIFA WORLD CUP

ફિફા વર્લ્ડ કપ 2026માં, ઇજિપ્તે આજે સવારે વાનકુવરમાં ન્યુઝીલેન્ડ સામે 3-1થી પોતાનો પ્રથમ વર્લ્ડ કપ વિજય નોંધાવ્યો. લિવરપૂલના સ્ટાર મોહમ્મદ સલાહે ટુર્નામેન્ટનો પોતાનો પહેલો ગોલ કર્યો. આ જીત સાથે, ઇજિપ્તે ગ્રુપ-Gમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

આ અગાઉ ફ્લોરિડામાં રમાયેલી ગ્રુપ-Hમાં કેપ વર્ડે અને ઉરુગ્વે વચ્ચેની મેચ 2-2 થી ડ્રોમાં પરિણમી હતી. ગઈકાલે રાત્રે કેલિફોર્નિયામાં ગ્રુપ-G મેચમાં ઈરાન અને બેલ્જિયમ વચ્ચેની મેચ એક પણ ગોલ વિના ડ્રો રહી હતી.

આ પહેલાં, એટલાન્ટામાં ગ્રુપ-H મેચમાં સાઉદી અરેબિયા સામે 4-0થી વિજય મેળવીને સ્પેને આગામી રાઉન્ડમાં પોતાનું સ્થાન બુક કર્યું હતું. સ્પેનના હવે બે મેચમાં ચાર પોઈન્ટ છે, જ્યારે સાઉદી અરેબિયા એક પોઈન્ટ પર છે.

# JHARKHAND – LIGHTNING –STRIKES DEATHES

ઝારખંડમાં, છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં વીજળી પડવાથી લગભગ આઠ લોકોના મોત અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. રામગઢ, ગિરિડીહ, ખૂંટી, દેવઘર, ધનબાદ અને સાહિબગંજ જિલ્લામાં વીજળી પડવાની ઘટના બની હતી. મૃતકોમાં એક સીપીઆઈ નેતા, એક વોર્ડ સભ્ય, એક ખેડૂત અને અન્ય રહેવાસીઓનો સમાવેશ થાય છે. ઘાયલોની વિવિધ જિલ્લાઓની હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેમાંથી કેટલાકની હાલત ખૂબ જ ગંભીર છે. દરમિયાન, અધિકારીઓએ લોકોને પ્રતિકૂળ હવામાન અને વાવાઝોડા દરમિયાન સાવધાની રાખવાની સલાહ આપી છે.